સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ:૧. [શ્રા.ત્રિ.]

**ગુણવંત(ઋષિ)** [ઈ.૧૬૪૮ સુધીમાં] : જૈન સાધુ. ૩૫૦ કડીની 'પ્રભાવતી-ચોપાઈ' (લે.ઈ.૧૬૪૮)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ:૧. [શ્રા.ત્રિ.]

**ગુણવિજય/ગુણવિજય(ગણિ)** : ગુણવિજયગણિને નામે ૬૧૯ ગ્રંથાગ્રનો 'ધમ્મિલકુમાર-પુણ્યપદ્મમકરન્દ-રાસ' (ર.ઈ.૧૬૨૪) તથા 'સિંહાસનબત્રીસી-ચોપાઈ' (લે.ઈ.૧૬૬૯) નોંધાયેલ છે તેમ જ ગુણવિજયને નામે 'અલ્પબહુત્વ' પરનો બાલાવબોધ, 'જિન-સ્તવન-ચોવીસી' (લે.સં.૧૮મી સદી અનુ.), વિજયદેવસૂરિ વિશેની કેટલીક કૃતિઓ તથા કેટલાંક મુદ્રિત-અમુદ્રિત સ્તવન-સઝાય મળે છે. આ ગુણવિજય કયા છે તે નિશ્ચિત થઈ શકતું નથી.

કૃતિ : ૧. અસસંગ્રહ; ૨. પ્રાસપસંગ્રહ:૧; ૩. સઝાયમાળા (પં..)

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૧; ૨. મુપુગૂહસૂચી; ૩. લીંહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ:૧. [કી.શે.]

**ગુણવિજય(ગણિ)-૧** [ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયસેનસૂરિની પરંપરામાં પંડિત કનકવિજયના શિષ્ય. જીવદયાનો વિષય લઈને રચાયેલા એમના દુહા-દેશીબદ્ધ ૧૨૫ કડીના 'કોચરવ્યવહારી-રાસ' (ર.ઈ.૧૬૩૧/સં.૧૬૮૭, આસો વદ ૯; મુ.)માં ખંભાતના સુલતાન પાસેથી ૧૨ ગામનો અધિકાર મેળવી અમારિ પ્રવર્તાવનાર કોચરનું વૃત્તાંત વર્ણવાયું છે. આ ઉપરાંત, આ કવિએ 'પ્રિયંકરનૃપ-ચોપાઈ' (ર.ઈ.૧૬૨૨/સં.૧૬૭૮, આસો સુદ ૧૩) તથા ૧૭૬/૨૭૬ કડીની '(કાશીદેશાધીશ)જયચંદ્ર/જયતચંદ્ર-રાસ' (ર.ઈ.૧૬૩૧/સં.૧૬૮૭, આસો સુદ ૯)એ કૃતિઓ પણ રચેલી છે.

કૃતિ : ઐરાસંગ્રહ:૧(+સં.).

સંદર્ભ : ૧. મરાસસાહિત્ય; □ ૨. જૈગૂકવિઓ:૧,૩(૧); ૩. લીંહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ:૧. [કી.શે.]

**ગુણવિજય(વાચક)-૨** [ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયસેનસૂરિની પરંપરામાં કમલવિજયના શિષ્ય વિદ્યાવિજયના શિષ્ય. દુહા-દેશીબદ્ધ ૨૧૩ કડીમાં વિજયસિંહસૂરિને આચાર્યપદ મળ્યું ત્યાં સુધીનું વૃત્તાંત, સર્વ આનુષંગિક ઐતિહાસિક માહિતી ગૂંથી લઈને, માંડીને વર્ણવતા એમનો 'વિજયસિંહસૂરિ-વિજયપ્રકાશ-રાસ' (ર. ઈ.૧૬૨૭/સં.૧૬૮૩, આસો સુદ ૧૦; મુ.) તથા ૫૪ કડીનો 'વિજયસેનસૂરિનિર્વાણ-રાસ/વિજયસેનસૂરિ-સઝાય' એમાંની માહિતીને કારણે નોંધપાત્ર બને છે. આ કવિએ, આ ઉપરાંત, ૯૫ કડીની 'નેમિજિન/નેમીશ્વર-ફાગુ' (ર.ઈ.૧૬૨૫/સં. ૧૬૮૧, વસંત માસ –; મુ.), ૮૪ કડીની '(બંભણવાડમંડન)-મહાવીરફાગ-સ્તવન', 'શીલ-બત્રીસી' (મુ.), 'સાતસોવીસ-જિનનામ/તીર્થંકર-સ્તવન'(ર.ઈ.૧૬૧૨/સં.૧૬૬૮, ચૈત્ર –, રવિવાર) તથા ૧૩ કડીની 'સામાયિક-સઝાય' એ કૃતિઓ રચેલી છે. તેમણે સંસ્કૃતમાં હેમવિજયકૃત અપૂર્ણ 'વિજયપ્રશસ્તિ'માં છેલ્લા ૫ સર્ગો ઉમેરી સમગ્ર પર 'વિજયદીપિકા-ટીકા' (ર.ઈ.૧૬૩૨) તથા 'કલ્પકલ્પલતા-ટીકા' રચેલ છે.

કૃતિ : ૧. ઐજૈકાસંગ્રહ(+સં.); ૨. ઐસમાલા:૧; ૩. જિસ્તકા-સંદોહ:૧; ૪. જૈઐકાસંચય(+સં.); □ ૫. સ્વાધ્યાય, નવે. ૧૯૮૦ – 'કવિ ગુણવિજયકૃત નેમીશ્વર ફાગુ', સં. કનુભાઈ વ્ર. શેઠ (+સં.).

સંદર્ભ : ૧. જૈસાઇતિહાસ; □ ૨. જૈગૂકવિઓ:૧,૩(૧); ૩. લીંહસૂચી. [કી.શે.]

**ગુણવિજય-૩** [ઈ.૧૭મી સદી] : તપગચ્છના જૈન સાધુ. વિજયાણંદસૂરિની પરંપરામાં કુંવરવિજયના શિષ્ય. વિજયાણંદસૂરિના રાજ્યકાળ (ઈ.૧૬૨૦-ઈ.૧૬૫૫)માં રચાયેલા ૫ ઢાળ અને ૪૯ કડીના 'ગુણ-મંજરીવરદત્ત/જ્ઞાનપંચમી/સૌભાગ્યપંચમી-સ્તવન' તથા ૧૧ કડીની 'ઋષભદેવ-સ્તવન' એ કૃતિઓના કર્તા.

કૃતિ : ચૈસ્તસંગ્રહ:૨.

સંદર્ભ: ૧. જૈગૂકવિઓ:૧; ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ:૧. [કી.શે.]

**ગુણવિજય-૪** [ઈ. ૧૭૫૯ સુધીમાં] : જૈન સાધુ. નયવિજયના શિષ્ય. ૬ કડીના 'સુજાતજિન-સ્તવન' (લે.ઈ.૧૭૫૯)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.શે.]

**ગુણવિજય-૫** [ ] : જૈન સાધુ. જયવિજયના શિષ્ય. ૯ કડીના '(શંખેશ્વર)પાર્શ્વજિન-સ્તવન' (મુ.)ના કર્તા.

કૃતિ : શંસ્તવનાવલી. [કી.શે.]

**ગુણવિનય** : આ નામે 'નેમિ-ધમાલ', 'પ્રભંજના-સઝાય' વગેરે કોઈક કૃતિઓ નોંધાયેલી છે તે ગુણવિનય-૧ની જ હોવાનું નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ: ૧. પ્રાકારૂપરંપરા; □ ૨. લીંહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ:૧. [ભા.વૈ.]

**ગુણવિનય(વાચક)-૧** [ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધ-ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : રાસકવિ તથા ગદ્યકાર. ખરતરગચ્છની ક્ષેમશાખાના જૈન સાધુ. ક્ષેમરાજ ઉપાધ્યાયની પરંપરામાં ઉપાધ્યાય જયસોમના શિષ્ય. 'ખંડપ્રશસ્તિ'ની ટીકા (ર.ઈ.૧૫૮૫) તથા 'જિનરાજસૂરિ-અષ્ટક' (ર.ઈ.૧૬૨૦)નાં રચનાવર્ષોને આધારે કવિનો જીવનકાળ ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધથી ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ સુધીમાં મૂકી શકાય. યુગપ્રધાન જિનચંદ્રસૂરિ ઈ.૧૫૯૨માં લાહોરમાં અકબરને મળ્યા ત્યારે તેમના શિષ્યવૃંદમાં આ કવિ હતા. ત્યાં ઈ.૧૫૯૩માં એમને વાચનાચાર્યની પદવી આપવામાં આવેલી. એમની નવીનવી કાવ્યરચનાઓ સાંભળીને જહાંગીરે તેમને 'કવિરાજ'નું પદ આપ્યાની માહિતી પણ નોંધાયેલી છે.

'ખંડપ્રશસ્તિ' જેવા કઠિન કાવ્ય ઉપરની ટીકાથી જેમની સાહિત્યિક કારકિર્દીનો આરંભ થતો જણાય છે તેવા આ કવિ સંસ્કૃત ભાષાના પણ મોટા વિદ્વાન હોવાનું દેખાઈ આવે છે. ૧૨૦૦૦ શ્લોકોમાં વિસ્તરતી એમની 'હુંડિકા' (ર.ઈ.૧૬૦૯) જેવી સંગ્રહાત્મક કૃતિમાં ૧૫૦થી વધુ ગ્રંથોનો નિર્દેશ છે તે બતાવે છે કે કવિએ જૈન શાસ્ત્રગ્રંથો ઉપરાંત કાવ્યસાહિત્યાદિ અન્ય ગ્રંથોનું પણ





Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઊંડું અધ્યયન કર્યું છે. એમની કેટલીક કૃતિઓની સુંદર મરોડદાર અક્ષરોમાં સ્વલિખિત પ્રત મળે છે તે તેમની પંડિત તરીકેની ચીવટ અને ચોકસાઈને પણ આભારી હોય. કવિની ગુજરાતી કૃતિઓની પદાવલિમાં તેમની સંસ્કૃત ભાષાની સજ્જતાએ પ્રભાવ પાડેલો છે. કવિની કૃતિઓમાં જોવા મળતું અપાર દેશીવૈવિધ્ય એમની સંગીતના જ્ઞાનની શાખ પૂરે છે.

કવિની કથાત્મક કૃતિઓમાં અકબરબાદશાહ અને જિનચંદ્રસૂરિના મેળાપમાં નિમિત્તરૂપ થયેલા બિકાનેર રાજ્યના મંત્રી કર્મચંદ્રનો તથા તેમના પૂર્વજોનો વીગતપ્રચુર ઇતિહાસ આપતો ૨૨૯ કડીનો દેશીબદ્ધ 'કર્મચંદ્રવંશાવલિ-પ્રબંધ' (ર.ઈ.૧૫૯૯/સં.૧૬૫૫, મહા વદ ૧૦; મુ.) કવિના ગુરુ જયસોમની સંસ્કૃત કૃતિ પરથી રચાયેલો છે અને ઐતિહાસિક માહિતીની દૃષ્ટિએ નોંધપાત્ર છે. કવિની રાસાત્મક કૃતિઓમાં 'ધન્નાશાલિભદ્ર-ચોપાઇ'←(ર.ઈ.૧૬૧૮/સં.૧૬૭૪, કારતક સુદ ૧૫ કે માગશર – ૧૦;મુ.)સૌથી વધારે મહત્ત્વની છે. મુખ્યત્વે દેશીબદ્ધ ૬૧ ઢાળ અને ૧૨૨૬ કડીની આ કૃતિ જિનકીર્તિસૂરિવિરચિત 'દાનકલ્પદ્રુમ' તથા જ્ઞાનસાગરગણિવિરચિત 'ધન્યકુમાર-ચરિત્ર'ને આધારે રચાયેલી છે પણ 'દાનકલ્પદ્રુમ'ને મુકાબલે એ ઘણો સંક્ષેપ બતાવે છે તેમ જ કેટલાંક વર્ણનો, વર્ણવિન્યાસાદિનું ચાતુર્ય, અલંકારરચનાની પ્રૌઢિ, સંસ્કૃત ઉપરાંત હિંદી-રાજસ્થાની-ફારસી પદાવલિ તથા તળપદાં કહેવતો-રૂઢિપ્રયોગોથી સમૃદ્ધ બાની એ બધામાં કવિનું ઉત્તમ કવિત્વ પ્રગટ કરે છે. જૈન નલકથાને અનુસરતો, મુખ્યત્વે દેશીબદ્ધ ૧૬ ઢાળ અને ૫૫૩ કડીનો 'નલદવદંતી-પ્રબંધ' (ર.ઈ.૧૬૦૯/સં.૧૬૬૫, આસો વદ ૬, સોમવાર; મુ.) થોડાંક હૃદ્ય પ્રસંગચિત્રણો સાથે બહુધા સીધું કથાકથન કરે છે અને 'ધન્નાશાલિભદ્ર-ચોપાઇ'નાં જેવાં જ શૈલીલક્ષણો પ્રગટ કરે છે.

કવિની અન્ય રાસકૃતિઓ આ પ્રમાણે છે: ૧૭૩ કડીની 'કયવન્ના-ચોપાઈ/સંધિ' (ર.ઈ.૧૫૯૮/સં.૧૬૫૪, અસાડ વદ ૮), 'અંજનાસુંદરી-પ્રબંધ' (ર.ઈ.૧૬૦૬/સં.૧૬૬૨, ચૈત્ર સુદ ૧૩, બુધવાર), ૨૬૮ કડીની 'ઋષિદત્તા-ચોપાઈ' (ર.ઈ.૧૬૦૭/સં.૧૬૬૩, ચૈત્ર સુદ ૯, રવિવાર), ૧૦૯ કડીની 'ગુણસુંદરીપુણ્યપાલ-ચોપાઈ' (ર.ઈ.૧૬૦૯), ૧૦૯ કડીની 'જમ્બૂ-રાસ' (ર.ઈ.૧૬૧૪/સં.૧૬૭૦, શ્રાવણ સુદ ૧૦, શુક્રવાર), ૧૭૦ કડીની 'મૂલદેવકુમાર-ચોપાઈ' (ર.ઈ.૧૬૧૭/સં.૧૬૭૩, જેઠ સુદ ૧૩, મંગળ/શુક્રવાર), ૨૪૨ કડીની 'કલાવતી-ચોપાઈ'(ર.ઈ.૧૬૧૭/સં.૧૬૭૩, શ્રાવણ સુદ ૯, શનિવાર), 'અગડદત્ત-રાસ' તથા 'દુમુહપ્રત્યેકબુદ્ધ-ચોપાઈ'. શ્રાવિકા જીવીએ ઈ.૧૫૯૯માં ગુણવિનય પાસે બાર વ્રત લીધાં તેનું વર્ણન કરતી 'બારવ્રતજોડી/રાસ' ગુણવિનયની જ કૃતિ છે એમ નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે.

૨૪૭ કડીની 'જીવસ્વરૂપ-ચોપાઈ' (ર.ઈ.૧૬૦૮/૧૬૧૧) તથા અન્ય મતોનું ખંડન કરતી ૧૩૦૦ ગ્રંથાગ્રની 'પ્રશ્નોત્તરમાલિકા-પાર્શ્વચંદ્રમત-(દલન)-ચોપાઈ' (ર.ઈ.૧૬૧૭), 'અંચલમતસ્વરૂપવર્ણન' (ર.ઈ.૧૬૧૮/સં.૧૬૭૪, મહા સુદ ૬, બુધવાર), 'લુંપકમતતમોદિનકર-ચોપાઈ' (ર.ઈ.૧૬૧૯/સં.૧૬૭૫, શ્રાવણ વદ ૬, શુક્રવાર) અને ૩૮૨ કડીની 'તપાએકાવનબોલ-ચોપાઈ' (ર.ઈ.૧૬૨૦) એ કૃતિઓ કવિનો જૈનધર્મવિષયક સઘળા આચાર-વિચારોનો ઊંડો અને બારીક અભ્યાસ દર્શાવે છે. 'ધર્મસાગર-ત્રીસબોલખંડન/ ત્રિશદ્-ઉત્સૂત્રનિરાકરણ-કુમતિમતખંડન' ગદ્યમાં કે પદ્યમાં હોવાનું નિશ્ચિત થતું નથી તે ઉપરાંત કવિએ તપગચ્છના ધર્મસાગરના 'ઉત્સૂત્રખંડન'ના પ્રત્યુત્તર રૂપે સંસ્કૃતમાં 'ઉત્સૂત્રોત્ઘાટન-કુલક' (ર.ઈ.૧૬૦૯) એ કૃતિ રચી હતી તેનું આ ગુજરાતી નામાંતર થયું હોય એવી શકયતા પણ નકારી ન શકાય.

કવિની પ્રકીર્ણ રચનાઓમાં ઈ.૧૫૮૮માં થયેલી યાત્રાને વર્ણવતી ૩૨ કડીની 'શત્રુંજયચૈત્યપરિપાટી', ૩૨ કડીનું 'ચારમંગલ-ગીત' (ર.ઈ.૧૬૦૪), 'શત્રુંજયયાત્રા-સ્તવન' (ર.ઈ.૧૬૦૭/સં.૧૬૬૩, ફાગણ સુદ ૧૩), ૩૧ કડીની 'ખરતરગચ્છગુર્વાવલી/ગુરુ-પટ્ટાવલી' (મુ.) 'ચોવીસજિન-સ્તવન', જિનચંદ્રસૂરિ, જિનસિંહસૂરિ અને જિનરાજસૂરિ વિશેનાં કેટલાંક ગીતો તથા અન્ય સ્તવનો વગેરેનો સમાવેશ થાય છે. આમાંની કેટલીક રચનાઓ હિંદીમાં પણ છે.

ગદ્યમાં આ કવિએ 'જયતિહુઅણ-સ્તોત્ર', 'બૃહત્‌સંગ્રહણી', 'નમોત્થુણમ્', 'કલ્પસૂત્ર', 'આદિ-સ્તવન' અને 'પ્રણિપાતવરદંડક' એ કૃતિઓ પર બાલાવબોધ, 'ભક્તામર' પર ટબો તથા 'તપોલઘુ-વિચારસાર' રચ્યા હોવાની માહિતી મળે છે.

સંસ્કૃતમાં ઉપર નિર્દેશેલી કૃતિઓ ઉપરાંત 'નેમિ-ગીત', 'દમયંતી-કથા/નલ-ચંપૂ', 'રઘુવંશ', 'વૈરાગ્ય-શતક' જેવી કાવ્યકૃતિઓ પર તેમ જ 'સંબોધસપ્તતિકા', 'લઘુઅજિતશાંતિ-સ્તવ', જયસોમકૃત સંસ્કૃત 'કર્મચંદ્રમંત્રીવંશ-પ્રબંધ' જેવી જૈન ધર્મની કૃતિઓ ઉપર ટીકા કે વૃત્તિ રચેલી છે. તેમણે 'વિચારરત્નસંગ્રહલેખન' તથા 'સવ્વત્થશબ્દાર્થસમુચ્ચય' નામની સ્વતંત્ર કૃતિઓ પણ રચેલી છે.

કૃતિ : ૧. ધન્ના-શાલિભદ્ર ચોપાઈ, સં. રમણલાલ ચી. શાહ, ઈ.૧૯૮૩ (+સં.) ; ૨. નલદવદંતી પ્રબંધ, સં. રમણલાલ ચી. શાહ, ઈ.૧૯૮૦(+સં.); □ ૩. ઐજૈકાસંગ્રહ; ૪. ઐરાસંગ્રહ:૩ (+સં.); ૫. જૈઐકાસંચય(+સં.).

સંદર્ભ : ૧. જૈસાઇતિહાસ; ૨. યુજિનચંદ્રસૂરિ; □ ૩. જૈગૂકવિઓ:૧, ૩(૧); ૪. હેજૈજ્ઞાસૂચિ:૧. [ભા.વૈ.]

**ગુણવિમલ** [ઈ.૧૬૩૯ સુધીમાં] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિની પરંપરામાં પંડિત વિનયવિમલના શિષ્ય. ૨૭ કડીના '(દિલ્હીમંડન)વીરજિનપૂજાવિધિ-સ્તવન' (લે.ઈ.૧૬૩૯; મુ.)ના કર્તા.

કૃતિ : પ્રાસ્તરત્નસંગ્રહ:૨.

સંદર્ભ : ૧. મુપુગૂહસૂચી; ૨. હેજૈજ્ઞાસૂચિ:૧. [ચ.શે.]

**ગુણશેખર** [ ]: જૈન સાધુ. ૫ કડીની 'અમરસાગરસૂરિ-ભાસ'ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ:૧. [શ્ર.ત્રિ.]

**ગુણસમુદ્ર(સૂરિ)** [ઈ.૧૫૩૮ સુધીમાં] : જૈન સાધુ. ૧૩ કડીના 'પાર્શ્વનાથ-સ્તવન'(લે.ઈ.૧૫૩૮)ના કર્તા. એમને પૌર્ણમિકગચ્છના ગુણસાગરસૂરિના શિષ્ય તરીકે ઓળખાવવામાં આવ્યા છે પણ એને માટે કશો આધાર નથી.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્ર.ત્રિ.]



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ગુણસમુદ્ર(સૂરિ)શિષ્ય** [ઈ.૧૫મી સદી મધ્યભાગ]: નાગિલગચ્છના જૈન સાધુ. ગુણસમુદ્રસૂરિ(ઈ.૧૫મી સદી મધ્યભાગમાં હયાત)ના શિષ્ય. ભૂલથી ઉદયને નામે નોંધાયેલી ૩૫૬ કડીની 'શકુન-ચોપાઈ'ના કર્તા.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૧ – '૨૮ ગુણરત્નસૂરિ'; □ ૨. આલિસ્ટઑઇ:૨; ૩. જૈગૂકવિઓ:૩(૧). [કી.જો.]

**ગુણસાગર** : આ નામે ૧૯ કડીની 'અઢીદ્વીપમુનિની સઝાય' (મુ.), 'શ્રી-સ્તવન' (લે.સં.૧૮મી સદી), ૨૮ કડીની 'ચિંતામણિ-પાર્શ્વનાથ-વિનતિ-સ્તવન' (લે.સં.૧૯મી સદી અનુ.), ૪ ઢાળ અને ૨૪ કડીની 'નરકદુ:ખવર્ણનગર્ભિત-આદિનાથ-સ્તવન' (લે.ઈ.૧૬૬૮; મુ.), ૧૬ કડીની 'જંબૂસ્વામીની સઝાય' તથા ૨૦ ગ્રંથાગ્ર ધરાવતી 'પુણ્ય-સઝાય' મળે છે. આ ગુણસાગર કયા છે તે સ્પષ્ટ થતું નથી.

કૃતિ : ૧. જિસ્તકાસંદોહ:૨; ૨. મોસસંગ્રહ.

સંદર્ભ : ૧. આલિસ્ટઑઇ:૨; ૨. મુપુગૂહસૂચી; ૩. રાહસૂચી:૨; ૪. હેજૈજ્ઞાસૂચિ:૧. [ચ.શે.]

**ગુણસાગર–૧** [ઈ.૧૬૨૫ સુધીમાં] : મલધારગચ્છના જૈન સાધુ. હેમસૂરીશ્વરના શિષ્ય. ૧૫૦૦ ગ્રંથાગ્રના 'નેમિચરિત્રમાલા'(લે.ઈ. ૧૬૨૫)ના કર્તા. અભયદેવસૂરિશિષ્ય ને 'નેમિચરિત'ના કર્તા હેમચંદ્ર-સૂરિના સીધા શિષ્ય આ હોય તો એમનો સમય ૧૨મી સદી ગણાય પરંતુ કૃતિની ભાષા મોડા સમયનું સૂચન કરે છે. આથી 'જૈન ગૂર્જર કવિઓ'એ આ કૃતિ ગુણસાગર–૪ની જ હોવાનું અને કવિએ 'નેમિચરિત'નો આધાર લીધેલો હોઈ હેમસૂરીશ્વરને પોતાના ગુરુ ગણાવ્યા હોવાનું અનુમાન કર્યું છે. પરંતુ આ જાતના અનુમાનનું પણ સમર્થન કરવું મુશ્કેલ છે.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૧). [ચ.શે.]

**ગુણસાગર–૨** [ઈ.૧૬૨૭માં હયાત] : તપગચ્છના જૈન સાધુ. વિજયસેનસૂરિની પરંપરામાં મુક્તિસાગર(રાજસાગરસૂરિ)ના શિષ્ય. ૭૨ કડીની 'સમ્યક્ત્વમૂલ-બારવ્રત-સઝાય' (ર.ઈ.૧૬૨૭/સં.૧૬૮૩, મહા સુદ ૧૩, શુક્રવાર)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૩(૧). [ચ.શે.]

**ગુણસાગર–૩** [ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : અંચલગચ્છના જૈન સાધુ. ગજસાગરસૂરિના શિષ્ય. ગજસાગરસૂરિના અવસાન (ઈ.૧૬૦૩) સુધીની માહિતી આપતા ૧૦૫ કડીના ચરિત્રાત્મક રાસ 'ગજસાગરસૂરિનિર્વાણ'ના કર્તા.

સંદર્ભ : ૧. અંચલગચ્છ દિગ્દર્શન, સં. 'પાર્શ્વ', ઈ.૧૯૬૮; □ ૨. જૈહાપ્રોસ્ટા. [ચ.શે.]

**ગુણસાગર–૪** [ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : વિજયગચ્છના જૈન સાધુ. વિજયઋષિની પરંપરામાં પદ્મસાગરસૂરિના શિષ્ય. એમનો ૯ ખંડ અને ૧૫૧ ઢાળનો દુહા-દેશીબદ્ધ 'ઢાળસાગરહરિવંશ-પ્રબંધ'(ર.ઈ. ૧૬૨૦/સં.૧૬૭૬, શ્રાવણ સુદ ૩, સોમવાર; મુ.) વસુદેવચરિત્ર, કૃષ્ણબલદેવચરિત્ર, નેમિનાથચરિત્ર, સાંબપ્રદ્યુમ્નચરિત્ર અને પાંડવકથાના સમાવેશ કરતી જૈન પરંપરાની મહાભારતકથા વિસ્તારથી અને વીગતપ્રચુર રીતે વર્ણવે છે તથા લાક્ષણિક ધ્રુવાઓ વાળી સુંદર અને ગેય દેશીઓ, દૃષ્ટાંતપૂર્વક અપાયેલો ધર્મબોધ, કેટલાંક નોંધપાત્ર ભાવાલેખન ને વર્ણનો, આંતરપ્રાસનો વિનિયોગ અને ભાષામાં હિંદી અસર એ લાક્ષણિકતાઓ ધરાવે છે. આ સિવાય તેમની અન્ય કૃતિઓ આ પ્રમાણે છે : ૨૦ ઢાળનો 'કયવન્ના/કૃતપુણ્ય-રાસ' (ર.ઈ.૧૬૨૦), 'સંગ્રહણીવિચાર-ચોપાઈ' (ર.ઈ. ૧૬૧૯), ૨૯ કડીની 'મનગુણત્રીસી-સઝાય' (મુ.), ૩૨ કડીની 'સ્થૂલિભદ્ર-ગીત' તથા મુખ્યત્વે હિંદીમાં ૨૧ કડીનો '(હસ્તિનાપુર મંડન)શાંતિજિનવિનતિરૂપ-છંદ'(મુ.).

કૃતિ : ૧. ઢાલસાગર, પ્ર. મગનલાલ ઝ. શાહ, સં.૧૯૪૬; □ ૨. ચૈસ્તસંગ્રહ:૨,૩; ૩. પ્રાછંદસંગ્રહ; ૪. શનીશ્ચરની ચોપાઈ આદિક લઘુગ્રંથોના સંગ્રહનું પુસ્તક, પ્ર. શ્રાવક ભીમસિંહ માણેક, ઈ.૧૯૨૨.

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૧,૩(૧); ૨. ડિકેટેલૉગભાઇ: ૧૯(૨); ૩. લીંહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ:૧. [ચ.શે.]

**ગુણસાગર–૫** [ઈ.૧૬૬૮માં હયાત] : જૈન સાધુ. 'ચંદનબાલા-ચોપાઈ'(ર.ઈ.૧૬૬૮)ના કર્તા.

સંદર્ભ : જૈગૂકવિઓ:૨. [ચ.શે.]

**ગુણસાર** [ ] : જૈન સાધુ. ૧૫ કડીના 'શ્રાદ્ધવિધિભાવના-કુલક'(લે.સં.૧૮મી સદી અનુ.)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [શ્રા.ત્રિ.]

**ગુણસેન** [ઈ.૧૬૨૯માં હયાત] : સાગરચંદ્રસૂરિશાખાના જૈન સાધુ. વાચક સુખનિધાનજીના શિષ્ય. ૨ કડીના 'સુખનિધાનગુરુ-ગીત' (સ્વલિખિત, લે.ઈ.૧૬૨૯; મુ.) તથા અન્ય સ્તવનોના કર્તા.

કૃતિ : ઐજૈકાસંગ્રહ(+સં.). [ચ.શે.]

**ગુણસૌભાગ્ય–૧** [ઈ.૧૫૫૩માં હયાત] : જૈન સાધુ. વિજયદાનસૂરિના શિષ્ય. ૫ કડીની '(થંભણ)પાર્શ્વનાથ-સ્તવન' (ર.ઈ. ૧૫૫૩)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [ચ.શે.]

**ગુણસૌભાગ્ય(સૂરિ)–૨** [ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધ] : જુઓ વિનયમંડનશિષ્ય જયવંતસૂરિ.

**ગુણહર્ષ** : પંડિત ગુણહર્ષને નામે ૭ કડીની 'વીરગૌતમ-સઝાય' મળે છે તેના કર્તા ગુણહર્ષ–૧ છે કે કેમ તે નિશ્ચિત થઈ શકે તેમ નથી.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ:૧. [શ્રા.ત્રિ.]

**ગુણહર્ષ–૧** [ઈ.૧૭મી સદી] : તપગચ્છના જૈન સાધુ. હીરવિજયસૂરિની પરંપરામાં વિજયદેવસૂરિ (આચાર્યકાળ ઈ.૧૬૦૨–ઈ.૧૬૫૭)ના શિષ્ય. ૧૦ ઢાળ અને ૧૨૦ કડીના 'મહાવીરજિન-નિર્વાણ-સ્તવન/મહાવીરજિન-દીપાલિકામહોત્સવ-સ્તવન'(લે.ઈ.૧૭૯૮; મુ.)ના કર્તા.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org